**ક્રિમીનલ કેસ નં.૧૬૫/૨૦૨૬**

**<u>આંક–૦૧ લગત હુકમ</u>**

(૧) હાલના કામના આરોપી લાલબેન ઉર્ફે ભુરીબેન વા/ઓ રેમસિંહ ભરુસિંહ દેહડીયા રહે. હાલ ભુતકોટડા ગામાની સીમ ભરતભાઇ ગોવિંદભાઇ નમેરાની વાડીમાં, તા.ટંકારા, જી.મોરબી નાઓ વિરુધ્ધ ધી ગુજરાત પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ની કલમ–૬૫એએ હેઠળની ફરીયાદ કરવામાં આવેલ અને તે મુજબના ગુનાનું પોલીસ ધ્વારા ચાર્જશીટ ફાઈલ કરવામાં આવેલ છે.

(૨) આરોપી કોર્ટમાં હાજર થતા, તેમને વિના મુલ્યે પોલીસ પેપર્સની નકલો આપેલ અને ગુના અંગે પ્લી લેતા આરોપીએ ગુન્હો કબુલ કરેલ નહી અને ચાલુ ટ્રાયલ દરમ્યાન ગુન્હો કબુલ કરેલ છે. આરોપી સ્વેચ્છાએ કબુલાત કરતા હોય, તેમને તે બાબતની સમજ આપી અને આરોપી સદર કબુલાત સ્વૈચ્છિક તથા કોઈપણ જાતના દબાણ વગર આપતા હોવાની ખાત્રી કરી સ્વીકારી તથા આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે.

(૩) આરોપી પોતાની ગુના અંગેની કબુલાત કરી જાહેર કરે છે કે, આ તેઓનો પ્રથમ ગુનો છે અને ભુતકાળમાં કોઈ ગુનો કરેલ નથી અને રજુઆત કરેલ છે કે, તેઓ ગરીબ વર્ગના છે અને તેમના પર કુટુંબની જવાબદારી છે તથા તેમને ગુનાનો પસ્તાવો છે અને તેને સુધરવાની તક મળે તે હેતુથી કબુલાત આપે છે. વધુમાં આ કબુલાત સ્વૈચ્છિક હોય અને તેઓ આ કૃત્ય બદલ પારાવાર પસ્તાવો કરતા હોય અને હવે પછી આવું કૃત્ય નહી કરવાનું કબુલાત પુરસીસથી જાહેર કરે છે.

(૪) આમ, હાલના કેસમાં કોર્ટ ધ્વારા ના. ગુજરાત હાઈકોર્ટ ૨૦૦૫ (૧) જી. એલ. આર. ૭૦૯, ગુજરાત સ્ટેટ વિરુધ્ધ નટવરસિંહ હરચંદજી ઠાકોરનો ચુકાદો ધ્યાને લઈ તથા આરોપીના સંજોગો ધ્યાને લઈ તેને સુધરવાની તક આપવી ન્યાયોચીત જણાતું હોય જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–: આખરી હુકમ :–</u>**

આ કામના આરોપી લાલબેન ઉર્ફે ભુરીબેન વા/ઓ રેમસિંહ ભરુસિંહ દેહડીયા રહે. હાલ ભુતકોટડા ગામાની સીમ ભરતભાઇ ગોવિંદભાઇ નમેરાની વાડીમાં, તા.ટંકારા, જી.મોરબી નાઓને ધી ગુજરાત પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ની કલમ–૬૫એએ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦/– (અંકે રૂપિયા સો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. આ કામે કબ્જે લેવાયેલ મુદામાલનો અપીલ સમય વિત્યેથી નીયમોનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ તારીખ : ૧૪ મી માહે :માર્ચ સને : ૨૦૨૬ ના રોજ સ્પેશ્યલ સિટીંગમા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૪/૦૩/૨૦૨૬<br>
ટંકારા

(એસ.જી.શેખ)<br>
જયુડી.મેજી.ફ.કલાસ<br>
ટંકારા<br>
કોડ જીજે ૦૧૬૧૫